| GJAR030002632010 | | રજુ તારીખ: | ૧૧/૦૬/૨૦૧૦ |
|---|---|---|---|
| | | દાખલ તારીખ: | ૧૧/૦૬/૨૦૧૦ |
| | | ફેસલ તારીખ: | ૨૭/૦૩/૨૦૨૬ |
| | | **કુલ અવધી:** | **વર્ષ–માસ–દિવસ** |
| | | | **૧૫ – ૦૯ – ૧૬** |

**નામદાર સુપ્રીમ કોર્ટ ના SUO MOTO WRIT (CRL) NO. (S) 1 / 2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A – અન્વયેના નોટીફીકેશન નં. સી – ૨૦૦૧ – ૯૩ તા. ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમાં મુજબ.**

## FORM – A

**ભિલોડાના મહે., જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, તાલુકો – ભિલોડા, જીલ્લો – અરવલ્લી. શ્રી એ. એ. દવે, દ્વારા જાહેર કર્યો. ચુકાદાની તારીખ – ૨૭/૦૩/૨૦૨૬.**

**ક્રિમીનલ કે સ નં. ૬૨૩/૨૦૧૦**
**આંક : –**

| **એફ. આઈ. આર ની વિગતો / ગુન્હો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન :**<br><br>**ગુન્હો :** | ભિલોડા પોલીસ સ્ટેશન પાર્ટ – એ ગુના રજી.નં.૦૦૨૨/૨૦૧૦, ભા.દંડ.સંહિતા કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૧૧૪, બી.પી.એક્ટ ની કલમ – ૧૩૫ મુજબ.... |
| **તહોમતનામ મુજબ તોહમત :** | ભા.દંડ.સંહિતા કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૧૧૪, બી.પી.એક્ટ ની કલમ – ૧૩૫ મુજબ....<br>**નાનજીભાઈ કાવાજી ભગોરા.** |

| | |
|---|---|
| **ફરીયાદી :**<br>**વિ.એ.પી.પી. શ્રી :** | **કે.એન. સિસોદિયા.** |
| **આરોપી :** | (૧) કાંતિલાલ કાવાજી ભગોરા,<br>(૨) મુકેશભાઈ કાંતિલાલ ભગોરા,<br>(૩) ધૂળજીભાઈ લક્ષ્મણભાઈ ભગોરા,<br>(૪) નવીનભાઈ ગલજીભાઈ ભગોરા,<br>(૫) અમૃતભાઈ નાનજીભાઈ ભાગોરા,<br>(૬) મહેશભાઈ અમૃતભાઈ ભગોરા,<br>(૭) નાનજીભાઈ કાવડાજી ભગોરા,<br>(૮) ખાતુજી ઉર્ફે ખાતરાજી કાવડાજી ભગોરા,<br>(૯) લાલજીભાઈ કાળાજી ભગોરા,<br>(૧૦) નરસિંહ રૂપાભાઈ પારઘી, **(એબેટ)**<br>(૧૧) શાંતાબેન કાન્તિલાલ ભગોરા,<br>તમામ, ઉ.વ. પુખ્ત, રહે.ધનસોર,<br>તા.ભિલોડા, જીલ્લો – અરવલ્લી. |
| **આરોપી તરફે વી.વ.શ્રી :** | **કે.ટી.પાંડોર** |

## FORM–B

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખ : –** | ૨૦/૦૩/૨૦૧૦, કલાક:૧૯:૩૦ |
| **ફરીયાદની તારીખ : –** | ૨૩/૦૩/૨૦૧૦ |
| **ચાર્જશીટની તારીખ : –** | ૧૧/૦૬/૨૦૧૦ |
| **તહોમત ફરમાવ્યા તારીખ : –** | ૨૦/૦૮/૨૦૧૨ |
| **ચુકાદો સંક્ષીપ્તમાં રાખ્યાની તારીખ :** | **નીલ** |
| **ચુકાદાની તારીખ : –** | **૨૪/૦૩/૨૦૨૬** |
| **સજા હુકમ તારીખ/પ્રોબેશનનો**<br>**લાભ :** | **નિર્દોષ**<br>**નીલ** |

**આરોપીની વિગત : –**

| | |
|---|---|
| **આરોપીનો ક્રમ** | (૧) |

| | |
|---|---|
| આરોપીનું નામ | કાંતિભાઈ કાવાજી ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૧૯/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૧૯/૦૪/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | (૨) |
| આરોપીનું નામ | મુકેશભાઈ કાંતિલાલ ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૧૮/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૧૯/૦૪/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | (૩) |
| આરોપીનું નામ | ધૂળજીભાઈ લક્ષ્મણભાઈ ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૧૮/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૧૯/૦૪/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | (૪) |
| આરોપીનું નામ | નવીન ધૂળજીભાઈ ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૧૮/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૧૯/૦૪/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | (૫) |
| આરોપીનું નામ | અમૃત નાનજીભાઈ ભાગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૧૮/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૧૯/૦૪/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | (૬) |
| આરોપીનું નામ | મહેશ અમૃત ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૧૮/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૧૯/૦૪/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | (૭) |

| | |
|---|---|
| આરોપીનું નામ | નાનજી કાવડાજી ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૧૮/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૧૯/૦૪/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | **(૮)** |
| આરોપીનું નામ | ખાત્રાજી કાવડાજી ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૩૦/૦૩/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૩૧/૦૩/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | **(૯)** |
| આરોપીનું નામ | લાલજી કાળાજી ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૩૦/૩/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૩૧/૦૩/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | **(૧૦)** |
| આરોપીનું નામ | નરસિંહ રૂપાભાઈ પારઘી, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૧૮/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૧૯/૦૪/૨૦૧૦ |
| **આરોપીનો ક્રમ** | **(૧૧)** |
| આરોપીનું નામ | શાંતાબેન કાન્તિલાલ ભગોરા, ઉ.વ.પુખ્ત, |
| ધરપકડ કર્યા તારીખ | ૧૯/૦૪/૨૦૧૦ |
| જામીન મુક્ત કર્યા તારીખ | ૧૯/૦૪/૨૦૧૦ |

| | |
|---|---|
| તમામ, કયો ગુન્હો નોધાયેલ છે? | ભા.દંડ.સંહિતા કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૧૧૪, બી.પી.એક્ટ ની કલમ – ૧૩૫ મુજબ.... |
| તમામ, છોડી મુકેલ છે કે | નિર્દોષ |

| | |
|---|---|
| સજા કરેલ છે? | |
| સજા કર્યાની વિગત | નોર્દોષ |
| ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયચિક કાર્યવાહી દૂરમચ્ન જેલમાં રહેલ સમય | |

## FORM – C

## ફરિયાદ પક્ષ તથા બચાવ પક્ષ અને કોર્ટના સાહેદો નું લીસ્ટ

### (એ) ફરિયાદ પક્ષ તરફે : –

### ફરિયાદ પક્ષ નો મૌખિક પુરાવો : –

| **ક્રમ.** | **સાહેદોનુ નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૧. | **નાનજીભાઈ કાવજીભાઈ ભગોરા (ઇન્જરડ)** | **ફરીયાદ** | **૧૧૯** |
| ૨. | વિજયકુમાર દેવીસીંગ ભગોરા | **સાહેદ** | **૧૬૨** |
| ૩. | મયુરકુમાર નાનજીભાઇ ભગોરા | **સાહેદ** | **૧૬૬** |
| ૪. | જશોદાબેન દેવીસીંગ ભગોરા | **સાહેદ** | **૧૬૮** |
| ૫. | ગંગાબેન નાનજીભાઇ ભગોરા | **સાહેદ** | **૧૭૨** |
| ૬. | નયનાબેન વિજયકુમાર ભગોરા | **સાહેદ** | **૧૭૯** |
| ૭. | અસારી પ્રકાશભાઇ કાવજીભાઇ | **સાહેદ** | **૧૮૩** |
| ૮. | મંજુલાબેન પ્રકાશભાઇ અસારી | **સાહેદ** | **૧૮૬** |
| ૯. | મસાર હિંમતસિંહ નાનજીભાઇ | **પંચ** | **૧૯૨** |
| ૧૦. | નિનામા કાનીભાઇ મુલચંદ | **પંચ** | **૧૯૬** |
| ૧૧. | દિલીપભાઇ બાબુભાઇ બોડાત | **પંચ** | **૨૦૦** |
| ૧૨. | અસારી યોગેશભાઇ કાવજીભાઇ | **સાહેદ** | **૨૦૨** |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | ધીમંત ઉર્ફે હિંમતકુમાર ઇશ્વરભાઇ લીંબચીયા | **સાહેદ** | **૨૧૦** |
| ૧૪. | **ડો. કલ્પના** જશવંતભાઇ મેણાત | **ડો.શ્રી** | **૨૧૯** |
| ૧૫. | **ડો. નરેશકુમાર** નટુભાઇ ડામોર | **ડો.શ્રી** | **૨૨૩** |
| ૧૬. | ડિવાય.એસ.પી ચેતનકુમાર ચેહરાભાઇ ખટાણા | **ત.ક.અ** | **૨૩૪** |

## (બી) બચાવ પક્ષે મૌખિક પુરાવો : –

| **ક્રમ.** | **સાહેદોનુ નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| – | – | – | – |

## (સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો : –

| **ક્રમ.** | **સાહેદોનુ નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| – | – | – | – |

## ફરિયાદ પક્ષે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા : –

| **ક્રમ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ | ૧૨૦ |
| ૨. | હથિયાર કબજેનું પંચનામું | ૧૯૩ |
| ૩. | શરીર સ્થિતિનું પંચનામું | ૧૯૭ |
| ૪. | હથિયાર કબજેનું પંચનામું | ૨૦૧ |
| ૫. | સારવાર સર્ટી. | ૨૨૦ |
| ૬. | સારવાર સર્ટી. | ૨૨૧ |
| ૭. | સારવાર સર્ટી. | ૨૨૪ |
| ૮. | સારવાર સર્ટી. | ૨૨૫ |
| ૯. | સુચિપત્ર | ૨૩૫ |

| | | |
|---|---|---|
| ૧૦. | બનાવવાળિ જગ્યાનું પંચનામું | ૨૩૬ |
| ૧૧. | શ્રીમતી મણીબેન યુ.પટેલ સ્ત્રી અધ્યાપન મંદિરનો દાખલો | ૨૩૭ |
| ૧૨. | ફરીયાદીનું નિવેદન | ૨૩૮ |
| ૧૩. | સમાધાન પરવાનગી અંગેની અરજી | ૨૪૭ |
| ૧૪. | સમાધાન પુરસીસ | ૨૪૮ |
| ૧૫. | કલોજીંગ પુરસીસ | ૨૪૯ |

**બચાવ પક્ષે આંકે પાડેલા દસ્તાવેજો : –**

| **ક્રમ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો : –**

| **ક્રમ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલ ની વિગતો : –**

| **ક્રમ નં.** | **આર્ટીકલ/પાવતી નં.** | **મુદ્દામાલની વિગત(વર્ણન)** |
|---|---|---|
| ૧. | મુ.પા.નં. ૪૭/૧૦<br>૧૮/૦૪/૨૦૧૦ | (૧) એક લોખંડની તલવાર<br>(૨) એક વાંસના હાથામાં ફિટ કરેલ લોખંડની કુહાડી<br>(૩) એક સાદી વાંસની લાકડી ચાર ગોઠાવાળિ<br>(૪) એક સાદી વાંસની લાકડી એક ગોઠાવાળિ |
| ૨. | મુ.પા.નં. ૪૮/૧૦ | (૧) વાંસના હાથમાં ફિટ કરેલ લોખંડની |

| | | |
|---|---|---|
| | ૧૯/૦૪/૨૦૧૦ | કુહાડી |
| ૩. | મુ.પા.નં. ૫૩/૧૦<br>૨૭/૦૪/૨૦૧૦ | (૧) એક જુનો સફેદ કલરનો ઝીણી લાઈનીંગવાળો પૃથ્થક પૃથ્થક લોહિના ડાઘાવાળો શર્ટ. |

## JUDGMENT
## – : : ચુ કા દો : : –

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૨૦/૦૩/૨૦૧૦ ના કલાક ૧૯:૩૦ વાગ્યે ફરીયાદી તથા આરોપી નં.૧ નાઓ સગા ભાઈ થતા હોઈ જમીનની જૂની અદાવત રાખી આરોપી નં.૧ નાએ ફરીયાદીના માથામાં કુહાડી મારી તથા આરોપી નં.૨ નાએ સાહેદ દેવસિંગને જમણા ખભાની હાસ્ડી ઉપર તલવાર મારી તથા આરોપી નં. ૩ નાએ આ દેવીસિંહને જમણા હાથની ટચલી આગળી વચ્ચે કુહાડી મારી ફેકચર કરી ઈજાઓ કરી તેમજ આરોપી નં. ૪ અને ૫ નાએ લાકડીઓ લઈ પાછળથી દોડી આવી તથા આરોપી નં. ૬ થી ૧૧ આગળ પાછળ અલગ અલગ દોડી આવી એક બીજાને મદદગારી કરી જાહેરનામાંનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૧૧૪ તથા બી.પી.એકટ – ૧૩૫ મુજબનો ગુનો કરેલ તે મતલબની ફરિયાદ ફરીયાદીએ આપેલ. ત્યાર બાદ આ કામે તપાસ કરનાર અમલદારે જરૂરી અને પૂરતા પુરાવા જણાતા તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરલે હતું.

(૨) ત્યાર બાદ તમામ આરોપીઓ વિરુદ્ધ અત્રેની કોર્ટના પુરોગામી ન્યાયાધીશ શ્રીએ ગુન્હાનું સંજ્ઞાન લઈ અને, પ્રોસેસ ઈસ્યુ કરવાનો અને આરોપીઓને ધોરણ સર સમન્સ કાઠવાનો હુકમ કરતા તમામ આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ તેઓના વી.વકીલશ્રી સાથે કોર્ટમાં ઉપસ્થિત થયેલ અને આરોપીઓ ને **ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કમલ – ૨૦૭** હેઠળ પોલીસ તપાસના

પેપર્સની નકલો કોર્ટ દ્વારા આપી ત્યાર બાદ તેઓની વિરુદ્ધ ગુન્હાઓ સબબ **આંક : ૭૯ થી તોહમતનામું ફરમાવી આંક : ૮૦ થી ૯૦ સુંધી નિવેદન નોધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ તહોમતની કબુલાતનો ઈનકાર કરતા કેસની ન્યાયિક કર્યવાહી આગળ ચલાવવામાં આવેલ હતી.**

(૩) ત્યાર બાદ ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતા આ કામે આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ – ૩૧૩ અન્વયે  વિશેષ નિવેદન નોધવામાં આવેલ જેમાં આરોપીઓ તેમની સામે ખોટો કેસ કરલ હોવાનું કથન કરેલ. વધુમાં, આ તબક્કે, નામ.સર્વોચ્ચ અદાલતનો ચુકાદામાં વિશેષ નિવેદન બાબતે પ્રસ્થાપિત સિંદ્ધાત ધ્યાને લેવો જરૂરી છે. જેમા, **Brajendra Singh v. State of M.P. reported in AIR 2012 SC 1552,** where the statement of the accused person under section 313, CrPC, is in line with the case of the prosecution, then it provides adequate proof on the prosecution. Thus, it appears that while a statement under section – 313, CrPC, cannot be the basis of a conviction, it can certainly be a relevant consideration for the court to examine, particularly when the prosecution has otherwise been able to establish the chain of events.

(૪) ત્યાર બાદ બન્ને પક્ષકારો તરફે વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ હતી. ફરિયાદ પક્ષે મુખ્ય દલીલ છે કે, સદર કામે આરોપીઓ દ્વારા સમાધાન કરલે છે પરંત સમાધાન થવા થી પુરાવા રેકર્ડ પર આવેલ છે તે ધ્યાન લેવા અને ઈ.પી.કો કલમ – ૩૩૪ હેઠળ તકસીરવાર ઠરાવવા અરજ કરલે છે.

જયારે, બચાવ પક્ષે દલીલ છે કે, બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ છે અને બન્ને પક્ષકારો એકજ કુટુંબના અને કાકા બાપાના દીકરાઓ છે, ભવિષ્યમાં કોઈ મિલકત બાબતે તકરાર ઉભીના થાય અને કાયમી શાંતિ સ્થાપિત થાય તેથી સમાધાન કરેલ છે અને, ઘરના વડીલો અને વકીલો તથા, ગામના આગેવાનો ની મધ્યસ્થતા થી સમાધાન થયેલ છે વધુમાં, આરોપીઓ સામે ઈ.પી.કો કલમ – ૩૩૪ મુજબનો કોઈ પુરાવા રજુ થયેલ નથી કે તેવો તોહમત પણ કોર્ટ દ્બારા ફરમાવવામાં આવેલ નથી અને જેથી આરોપીઓ અને ફરીયાદી સાહેદો વચ્ચે સામ સામી બન્ને કેસોમાં હાલના કેસ સિવાય ક્રિમીનલ કેસ નં. ૩૨૪/૨૦૧૦ના કામે પણ સમાધાન થયેલ હોઈ નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરલે છે.

(૫) ઉપરોક્ત મુજબનો ફરિયાદ પક્ષે રજુ પુરાવા સાથે રેકર્ડ પર ની હકીકતો તથા આરોપીઓ તરફે થયેલ વિસ્તૃત ઉલટ તપાસને લક્ષે લેતા કેસના નિણર્ય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિતિ થયેલ છે.

**મુદ્દાઓ : –**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, ગઈ તારીખ ૨૦/૦૩/૨૦૧૦ ના કલાક ૧૯:૩૦૧૯:૩૦ વાગ્યે ફરીયાદી તથા આરોપી નં.૧ નાઓ સગા ભાઈ થતા હોઈ જમીનની જૂની અદાવત રાખી આરોપી નં.૧ નાએ ફરીયાદીના માથામાં કુહાડી મારી તથા આરોપી નં.૨ નાએ સાહેદ દેવસિંગને જમણા ખભાની હાસ્ડી ઉપર તલવાર મારી તથા આરોપી નં. ૩ નાએ આ દેવીસિંહને જમણા હાથની ટચલી આગળી વચ્ચે કુહાડી મારી ફેકચર કરી ઈજાઓ કરી તેમજ આરોપી નં. ૪ અને ૫ નાએ લાકડીઓ લઈ પાછળથી દોડી આવી તથા આરોપી નં. ૬ થી ૧૧ આગળ પાછળ અલગ અલગ દોડી આવી એક બીજાને મદદગારી કરી જાહેરનામાંનો ભંગ કરી ભારતીય દંડ

સંહિતાની કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૧૧૪ તથા બી.પી.એકટ – ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

**(૨)** શું હુકમ.

**(૬)** ઉપરોક્ત મુદ્દાઓના અત્રેની કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

**(૧)** નકારમાં.
**(૨)** આખરી હુકમ મુજબ.

**– : : કા ર ણો : : –**

**(૭)** **મુદ્દા નં. ૧ ના નિર્ણય માટે ના કારણો : –** અહી નોધવું જરૂરી છે કે, ફરીયાદી અને આરોપીઓ વચ્ચે બનાવ બનેલ તે જમીન બાબતે અને પાક અંગે ખેતરમાં થયેલ તકરાર માંથી બનવા પામેલ છે જે અંગે હાલના ફરિયાદ પક્ષના કેસ ની સામે આરોપઓ તરફે પણ જે તે સમયે ગુનો નોધાવેલ અને જેનો ફોજદારી કેસ નં. ૬૨૪/૨૦૧૦, થી અત્રેની કોર્ટમાં ચાલી ગયેલ છે અને તે કેસમાં અને હાલના કેસમાં બન્ને પક્ષકારો દ્ધારા સમાધાન પુર્શીસ અને સમાધાન કરવા પરવાનગી અરજી રજુ કરલે છે એટલે કે બન્ને કેસોમાં આરોપી અને ફરીયાદ પક્ષે સામ સામે સમાધાન કરવા પરવાનગી અરજી અને પુર્સીશ રજુ કરેલ છે. જે પૈકી, હાલના ગુનામાં બન્ને પક્ષકારો દ્ધાર ઈ.પી.કો કલમ – ૩૨૩, ૫૦૪, ૧૧૪, મુજબના ગુન્હા પુરતી સમાધાન પુર્સીસ સાથે ઈ.પી.કો કલમ – ૩૨૪, ૩૨૫, સાથે ૧૧૪, મુજબનો ગુન્હા પુરતી સમાધાન કરવા પરવાગી અરજી રજુ કરલે છે. ઉપરોક્ત સમાધાન બન્ને પક્ષકારો દ્ધારા બન્ને ક્રોસ કેસમાં કરવામાં આવેલ છે અને તે જજમેન્ટના સ્ટેજ પર કરવામાં આવેલ છે.

(૮) આ તબ્બકે, **હાથ પરના કેસના કામે માત્ર ઇ.પી.કો. કલમ – ૩૨૪ પુરતો ગુન્હો બને છે કે કેમ અને તે સમાધાન પાત્ર છે કે કેમ તેની ચર્ચા અને મૂલ્યાંકન કરવાનું રહે છે** જેથી, હાથ પર ના કેસમાં મહત્વના ફરીયાદી અને ઈજા પામનાર સાહેદો તથા તબીબી પુરાવા સાથે મેડીકલ ઓફિસર શ્રીની સોગંદ પર ની જુબાની તથા બનાવમાં ઉપયોગમાં લેવાયલ હથીયાર અંગે પુરાવા નું મૂલ્યાંકન કરવામાં આવે તો, **ફરીયાદી પક્ષે આંક : ૧૧૯ થી નાનજીભાઈ કાવાજી ભગોરા** તેઓના સોગંદપર પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, આરોપીઓએ અમને ચારે તરફ થી ઘેરી લીધેલા અને પછી કાંતિલાલે મારા માથામાં કુહાડી મારી દીધેલી અને મુકેશભાઈએ તેમના હાથમાની તલવાર મારા ભાઈને દેવીસિંહને જમણી પાસણીના ભાગે તલવાર મારી દીધેલ. ધુલજી ભગોરા જોડે કુહાડી હતી તે દેવીસિંહભાઈના જમણા હાથની ટચલી આંગળીમાં વચ્ચે મારેલી અને તે વખતે મારો ભત્રીજો વિજયકુમાર ભગોરા અને મારો છોકરો મયુર આવી જતા આરોપીઓ ભાગી ગયેલા. બાદ તેઓ એ પ્રથમ ભિલોડા સરકારી હોસ્પિટલ અને બાદમાં હિંમતનગર સરકારી હોસ્પીટલ માં સારવાર લીધેલ હોવાની હકીકત જણાવેલ છે અને કોર્ટ રૂબરૂ આરોપીઓ ને પહેલે થી એકજ કુટુંબના હોઈ ઓળખતા હોઈ અને વધુમાં, કોર્ટ રૂબરૂ મુદામાલ હથિયાર ઓળખી બતાવેલ છે. તથા **આંક – ૧૨૦ થી અસલ ફરિયાદ** રેકર્ડ પર રજુ થયેલ હોઈ તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. જયારે, ફરિયાદ પક્ષે અન્ય **ઈજા પામનાર સાહેદ દેવજીભાઈ કાવજીભાઈ ભગોરા** નાઓને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવેલ છે પરંતુ તેઓનો પુરાવા નોધાય તે પહેલા તેઓ અવશાન પામેલ હોઈ તેઓનો **આંક : ૧૫૯ થી મરણ અંગેનો દાખલો રજુ કરેલ છે.**

(૯) જયારે બચાવ પક્ષે, મહત્વની ઉલટ તપાસમાં ફરીયાદીએ હકીકત સ્વીકારેલ છે કે, કાંતિભાઈ ને વધુ સારવાર માટે હિંમતનગર લઇ ગયેલા, **હું હિંમતનગર સિવિલ હોસ્પીટલમાં દાખલ હતો, દવાખાનામાં**

**મેં નર્સ કે ડોક્ટરને કઈ જણાવેલ નથી, ક્રિમીનલ કેસ ન.૬૨૪/૨૦૧૦ થી મારા પર કેસ કરેલ છે અને તે કેસના કામે હું, દેવુંસિંહ ભગોરા, વિજય દેવુસિંહ ભગોરા, મયુર નાનજી ભગોરા, જશોદાબેન દેવુંસિંહ ભગોરા, ગંગાબેન નાનજીભાઈ ભગોરા, નયનાબેન વિજયકુમાર ભગોરાનાઓના આરોપી છે. મેં ફરિયાદ હિંમતનગર દવાખાનામાં આપેલી. પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નથી. હાલ મને યાદ નથી કે, તા.૨૭/૦૪/૨૦૧૦ ના રોજ હું ભિલોડા પોલીસ સ્ટેશન ગયેલ કે કેમ? આરોપી નં. ૧ સિવાય બાકીના આરોપીઓ મારા નજીકના સગા નથી.**

(૧૦) જયારે, ફરિયાદ પક્ષે **આંક : ૧૬૨ થી સાહેદ, વિજયકુમાર દેવીસીંગ ભગોરા, આંક : ૧૬૬ થી સાહેદ મયુરભાઈ નાનજીભાઈ ભગોરાને, આંક : ૧૬૮ થી સાહેદ જશોદાબેન દેવીસિંગ ભગોરા, આંક : ૧૭૨ થી સાહેદ, ગંગાબેન નાનજીભાઈ ભગોરા, આંક : ૧૭૯ થી સાહેદ, નયનાબેન વિજયકુમાર ભગોરા** ને તપાસવામાં આવેલ છે તમામ સાહેદો નજરે જોનાર સાહેદ હોઈ તેઓ ફરીયાદી અને સાહેદ દેવીસિંગભાઈ ને ઈજા અંગેની હકીકત બાબતે એવો પુરાવો આપેલ છે કે, નાનાજીભાઈ એ કાંતિભાઈ અને મુકેશભાઈને ઘઉં કાઢવાની ના પાડેલી. જેથી **કાંતિભાઈ ઉશેરાઈને તેમના હાથમાંથી કુહાડી નાનજીભાઈના માથામાં મારી દીધેલ. મુકેશભાઈએ તેમના હાથમાંની તલવાર માર બાપુજી દેવીસિંગને હાંસળી ઉપર મારી દીધેલ. બુમાબુમ થતા બાજુમાંથી ધૂળજીભાઈ લક્ષ્મણભાઈ કુહાડી લઈ દોડી આવેલ અને મારા બાપુજીને જમણા હાથની ટચલી આંગળી ઉપર મારી દીધેલ.** નવીનભાઈ ધુલજીભાઈ, અમુતભાઈ નાનજીભાઈ, ખાતુંભાઈ કાવડાજી, લાલજીભાઈ કાળાભાઈ, નરસિંહભાઈ રૂપાભાઈ પારઘી, મહેશભાઈ, શાંતાબેન કાંતિભાઈનાઓ દોડતા આવેલા અને મદદગારી કરેલી. આરોપીઓ ને ઓળખતા હોઈ વધુમાં, મુદામાલ ઓળખી બતાવેલ છે.

**(૧૧)** ઉપરોક્ત તમામ સાહેદોની બચાવ પક્ષે થયેલ મહત્વ ની ઉલટ તપાસમાં માત્ર અગાઉ થી જમીનની તકરાર ચાલતી હોવાનું અને, વળતી ફરીયાદ આરોપીઓએ કરેલ હોવાની અને ફોજદારી કેસ નં. ૬૨૪/૨૦૧૦ થી સદર કેસ ચાલતો હોવાની હકીકત ને સાહેદો એ સ્વીકૃતિ આપેલ છે તે સિવાયના તમામ ઉલટ તપાસમાં પુછેલ પ્રશ્નોનો સદંતર ઈનકાર કરેલ છે.

**(૧૨)** જયારે, ફરિયાદ પક્ષે ઈજા અંગેની હકીકત પુરવાર કરવા માટે તબીબી સાહેદ તરીકે, **આંક : ૨૧૯ થી ડોશ્રી, કલ્પનાબેન જશવંતભાઈ મેણાત**ને તપાસેલ છે તેઓ તેમના સોગંદપર ના પુરાવા માં એવી હકીકત જણાવેલ છે કે, **તા.૨૦/૦૩/૨૦૧૦ ના રોજ રાત્રીના ૧૦:૦૦ વાગે કોટેજ હોસ્પિટલ, ભિલોડા ખાતે મેડીકલ ઓફિસર તરીકેની મારી ફરજ ઉપર હતી તે સમય દરમીયાન નાનજીભાઈ કાવજીભાઈ ભગોરા, ઉ. વ. ૫૮, રહે. ધનસોર નાઓને સારવાર માટે લાવેલ હતા.**

દર્દીને તપાસતા તેઓ સંપૂર્ણ સભાન અવસ્થામાં હતા. તેઓએ તેમને થયેલ ઈજાનો ઈતિહાસ જાતે જણાવેલ. તેઓને જણાવેલ કે, તા. ૨૦/૩/૨૦૧૦ નારોજ સાંજના કલાક ૦૭:૩૦ વાગ્યે કાન્તીલાલ કાવજી ભગોરા, મુકેશ કાન્તીલાલ ભગોરા, ધુળજી લક્ષ્મણ ભગોરા, નાનજી કવાડજી ભગોરા, નરસિંહ રૂપા પારઘી, સંજભ નરસિંહ પારઘી નાઓએ ઈજા કરેલ છે. દર્દીને તપાસતા તેઓને નીચે નીચે મુજબની ઈજા ઓ માલુમ પડેલ,

**૧.** એક ત્રાંસો કપાયેલ છુંદાયેલ ઘા જે **૫ સે.મી. × ૦.૫ સે. મી.** માસપેશી સુધીના **માથાના પાછળના ભાગે** ઓકસીપીટલ રીઝનમાં હતો.

**૨. જમણા હાથે સોજો તથા દુ:ખાવો હતો** અને એક **તીક્ષણ કપાયેલ ભાગ ૦.૫ સે.મી. × ૦.૨ સે.મી.નો** હતો જેમાં એક ભાગ ટેઈલ એન્ડ લેટરલી હતો અને બ્લન્ટ એન્ગલ મીડયેલી હતો.

**૩. નીચેના હોઠની અંદરના બાજુ છુંદાયેલ ઘા** (લેસરેટેડ વુન્ડ) હતા.

**ઈજા નં. ૧ અને ૨,** માટે દર્દીને સિવિલ હોસ્પિટલ, હિંમતનગર ખાતે વધુ સારવાર તથા તપાસ માટે રીફર કરેલ હતા. **ઈજા નં. ૩ સાદી હતી** અને સખત તથા બોથડ પદાર્થ થી થઈ શકે તેવી હતી**, આ ઈજા જો કોઈ કોમ્પલીકેશન ન થાય તો ૭ થી ૧૪ દિવસમાં રૂજાઈ શકે તેવી હતી.** દર્દીને થયેલ **ઈજા નં. ૨, ધારદાર હથિયાર થી થઈ શકે તેવી હતી.** અને **ઈજા નં. ૧, સખત અને બોથડ પદાર્થ થી થઈ શકે તેવી હતી. ઈજા નં. ૧, કુહાડી જેવા હથિયારથી થઈ શકે તેવી હતી.** આ અંગેનું મેં સારવાર સર્ટીફિકેટ મારા હસ્તાક્ષરમાં તૈયાર કરી એમ.એલ. સી. નં.૧૩૩/૧૦, તા.૨૧/૩/૧૦ નારોજ ઈસ્યુ કરેલ. મને અસલ સર્ટીફિકેટ બતાવવામાં આવે છે જેમાં મારી સહી તથા હોદાનો સિક્કો છે જે ઓળખુ છું જે આંક–૨૨૦ થી રજુ છે.

એજ દિવસે દર્દી નં. ૨ દેવીસિંગભાઈ કાવજીભાઈ ભગોરા, રહે. ધનસોર, ઉ.વ.૬૦ તા.૨૦/૦૩/૧૦ ના કલાક ૯: ૪૫ વાગે તેમના સગા સારવાર માટે લાવેલ હતા. દર્દીને તપાસતા તેઓ સંપૂર્ણ સભાન અવસ્થામાં હતા. તેઓએ તેમને થયેલ ઈજાનો ઈતિહાસ જાતે જણાવેલ. તેઓને જણાવેલ કે, તા.૨૦/૦૩/૨૦૧૦ ના રોજ સાંજના કલાક ૦૭:૩૦ વાગ્યે મુકેશભાઈ કાન્તીભાઈ ભગોરા નાઓએ લાકડી, તલવાર અને કુહાડી મારીને ઈજાઓ કરેલ છે. દર્દીને તપાસતા તેઓને ને નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ હતી,

**૧. એક ધારદાર કપાયેલ ઘા જે ૨.૫ સે.મી x ૦.૫ સે.મી.** માસ પેશી સુધીનો જમણી બાજુ પાંસળી ઉપર હતો અને તેની સાથે

**એક ઉઝરડો હતો જે ૬ સે. મી. લાંબો હતો.** આ તીક્ષ્ણ કપાયેલ ભાગ કલીન કટ હતો અને જેની માર્જીન વળી ગયેલ હતી.

૨. **જમણા હાથે સોજો હતો તથા દુઃખાવો હતો.**

૩. **જમણી કોણીમાં સોજો હતો તથા દુઃખાવો હતો.**

૪. **એક કપાયેલ છુંદાયેલ ઘા** જે **૧ સે.મી × ૦.૫ સે.મી નો ટચલી આંગળી અને રીંગ ફીંગરની વચ્ચે હતો.**

૫. **જમણા પગે એક ચકામો હતો જે ૫ સે.મી. × ૧ સે.મી. નો હતો.**

૬. **ડાબા હાથે ઘણા બધા ચકામા હતા.**

૭. **પીઠ ઉપર ઉઝરડો હતો.**

૮. **ડાબી બાજુ સાથળના ભાગે એક ચકામો હતો.**

આ દર્દીને **ઈજા નં. ૨, ૩ અને ૪** માટે વધુ સારવાર તથા તપાસ માટે હિમતનગર, સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવેલ. **ઈજા નં. ૧, ૫, ૬ અને ૭ જો કોઈ કોમ્પલીકેશન ન થાય તો ૭ થી ૧૪ દિવસમાં રૂજાઈ શકે તેવી હતી.** આ ઈજાઓ સખત બોથડ અને ધારદાર હથિયાર થી થઈ શકે તેવી હતી. દર્દીને થયેલ ઈજાઓ **પૈકી ઈજા નં. ૧ તલવાર જેવા હથિયારથી થઈ શકે તેવી હતી** તેમજ **ઈજા નં. ૪ કુહાડી જેવા હથિયારથી થઈ શકે તેવી હતી.** આ અંગેનું મેં સારવાર સર્ટીફિકેટ મારા હસ્તાક્ષરમાં તૈયાર કરી **એમ.એલ.સી.નં. ૧૩૪/૧૦, તા.૨૧/૩/૧૦ નારોજ ઈસ્યુ કરેલ.** મને અસલ સર્ટીફિકેટ બતાવવામાં આવે છે જેમાં મારી સહી તથા હોદાનો સિકકો છે જે ઓળખું છું જે આંક : ૨૨૧, થી રજુ છે. આ બંને દર્દીઓની હિસ્ટ્રી ધ્યાને લઈ અમોએ ભિલોડા પો.સ્ટે., પી.એસ.ઓ. રમણભાઈ બ.નં.૨૨૭ નાઓને તા.૨૦/૩/૧૦ નારોજ રાત્રીના કલાક ૧૧:૨૦ વાગે વર્ધીથી જાણ કરેલ.

(૧૪) જ્યારે, **બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે,** એ હું ચોકકસ કહી શકું નહી કે, સારવાર માટે અવાર નવાર આવતા દર્દીઓને હું ઓળખતી હોઉં, દર્દી નાનજીભાઈ કાવજીભાઈ ભગોરા તથા દેવીસિંગ કાવજીભાઈ ભગોરા નાઓની ઓળખ અંગેનો કોઈ દસ્તાવેજ મેં મળેવલ નહીં, આ દર્દીઓ તેમના સગા મારફતે આવેલા, **નાનજીભાઈ કાવજીભાઈને થયેલ ઈજા નં. ૩ સાદા પ્રકારની હતી** અને **ઈજા નં.૧ અને ૨ ની સારવાર માટે હિંમતનગર રીફર કરેલા,** નાનજીભાઈ કાવજીભાઈ ને થયેલ **ઈજા નં. ૧ અને ૨ ધારદાર અને બોથડ પદાર્થ ઉપર પડવાથી થઈ શકે તેવી હતી,** દર્દી **દેવીસિંહ કાવજીભાઈને થયેલ ઈજા નં.૧ સિવાયની ઈજાઓ બોથડ પદાર્થ ઉપર પડી જવાથી થઈ શકે તેવી હતી,** આ દર્દીને થયેલ **ઈજા નં.૪ કામ કરતા પડી જવાથી થઈ શકે તવી હતી, ઈજા નં. ૧ સિવાયની ઈજા નં.૫, ૬, ૭ માણસ ફાસ્ટ દોડીને જતો હોય અને બોથડ પદાર્થ ઉપર પડી જાય તો થઈ શકે તેવા પ્રકારની હતી, આ બંને દર્દીઓ પોલીસ યાદી વગર મારી પાસે સારવાર માટે આવેલા.**

(૧૫) ફરિયાદ પક્ષે ઈજા અંગેની હકીકત પુરવાર કરવા માટે તબીબી સાહેદ તરીકે, **આંક–૨૨૩ થી ડોશ્રી, નરેશકુમાર રતુભાઈ ડામોર** ને તપાસેલ છે તેઓ તેમના સોગંદપર ના પુરાવા માં એવી હકીકત જણાવેલ છે કે, ગઈ તા.૨૧/૧૦/૨૦૧૦ નારોજ સરપ્રતાપ જનરલ હોસ્પિટલ હિમતનગર ખાતે મેડી.ઓફીસર તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે **રાતના ૦૨.૦૨ મિનીટે દર્દી નામે નાનજીભાઈ કાવાજી ભગોરો ઉ.વ.૫૮ રહે ધનસોર તેઓ ભીલોડા કોર્ટેજ હોસ્પીટલ ખાતે અમારી હોસ્પીટલ ખાતે સારવાર માટે આવેલા જેઓને ઈજા બાબતે પુછતા જણાવેલ કે, તેઓ મારા મારી કરીને શરીર ઉપર નીચે પ્રમાણેની ઈજાઓ જણાવેલ.** વધુમાં તેઓ સંપુર્ણ સભાન અવસ્થામાં હતા તેમજ વાઈટલ સ્ટેબલ હતા. દર્દીના શરીરે નીચે મુજબની ઈજાઓ જણાવેલી,

૧. **માથાના આગળના ભાગે એક ટાકા લચેલ ૪ સે.મી.** લાખો વા હતો.

૨. **છાતીના પાછળના ભાગે ૮.૨ સે.મી.નો** સોળ હતી.

૩. **ચેહરાના નીચલા હોઠ ઉપર ૨.૦૦ સે.મી. લાબો ટાંકા લીધેલ ઘા હતો.**

૪. **જમણી કોણી ઉપર ૦.૫ સે.મી. X ૦.સે.મી. છુદાયેલ ઘા હતો.**

જેઓને તપાસતા માથાના એકસ–રે તેમજ જમણી કોણીનો એક્સ–રે લેતા કોઈ પણ પ્રકારનું ફેકચર જણસોલ નહી જે અંગેનો એકસપર્ટ અભિપ્રાય મેળવેલ. **મારા અભિપ્રાય પ્રમાણે તમામ ઈજાઓ સાદા પ્રકારની હતી. અને બે અઠવાડીયામાં મટી શકે એવી હતી.** દર્દીને થયેલી **ઈજા નં. ૨ અને ૪ મૂઠમાર અને સખત અને બોથડ પદાર્થથી દાર્થથી થયેલી હતી.** ઈજા.નં. ૧ અને ૩ નો અભિપ્રાય ટાંકા લીધેલા હોઈ ભીલોડા કોર્ટેજ હોસ્પિટલના ડોશ્રી આપી શકે. આ દર્દીને સારવાર આપ્યા બાદ તા.૨૯/૩/૨૦૧૦ આ અંગેનુ સારવાર સર્ટીફીકેટ મારા હસ્તાક્ષરમાં તૈયાર કરી એમ.એલ.સી.નં.૮૯૧/ ૨૦૧૦થી તા.૩૦/૩/૨૦૧૦ ના રોજથી ઈસ્યુ કરેલ જે અસલ સર્ટીફીકેટ બતાવવામાં આવે છે મારા હોદદા ની સીલ તથા મારી સહી છે જે અસલ સર્ટી રજુ દાખલ આંક–૨૨૪. આપવામાં આવે છે.

તેમજ આજ દિવસે **દેવીસિંહ કાવજીભાઈ ભગોરા ઉ.વ.૬૦.** રહે ઘનસોર તેઓ રાત્રે ના ૨.૦૦ કલાકે ભીલોડા કોર્ટેજ રીફર નોટ સાથે સરવાર અર્થે આવેલ જેઓને ઈજા બાબતે પુછતા જણાવેલ કે, તેઓ મારા મારી કરીને શરીર ઉપર નીચે પ્રમાણેની ઈજાઓ જણાવેલ. વઘુમાં તેઓ સંપૂર્ણ સભાન અવસ્થામાં હતા તેમજ વાઈટલ સ્ટેબલ હતા. દર્દીના શરીરે નીચે મુજબની ઈજાઓ જણાવેલી,

૧. શરીરના જમણા કોલર હાડકાની અંદરની બાજુ **૨** સે.મી ટાંકા લીધેલ ઘા હતો.

૨. જમણા હાથ ઉપર દુખાવા સાથે સોજો આવેલો ઘા હતો.

૩. માં ડાબા હાથના કોણી અને ખભા વચ્ચે ૪×૩ સે.મી. ચકામો હતો.

તેઓને વધુ તપાસતા છાતીના એકસ–રે કરાવેલો જે નોર્મલ હતો. જમણા હાથે કાડા સાથેના એક્સ–રે માં ફ્રેકચર જણાવેલ જે અંગે એકસપર્ટનો અભિપ્રાય મેળવેલ. દર્દી થેયેલી **ઈજાઓ પૈકી ૧ અને ૩ સાદા પ્રકારની હતી** અને **ઈજા. ૨ ગંભીર પ્રકારની હતી. ઈજા નં. ૨ અને ૩ જે સખત અને બોથડ પ્રદાર્થ થી થચેલી છે. તેમજ ઈજાઓને ૩ થી ૪ અઠવાડીયામાં ઠીક થાય એવી છે. ઈજા. નં.૧ નો અભિપ્રાય ભીલોડા કોટેજ હોસ્પિટલના ડોકટર આપી શકે.** આ દર્દીની સારવાર કરી તા.૩૦/૩/૨૦૧૦ નારોજ સવારે ૧૦.૦૦ આ અંગેનુ સારવાર સર્ટીફીકેટ મારા હસ્તાક્ષરમાં તૈયાર કરી એમ.એલ.સી.નં.૮૯૨/ ૨૦૧૦ થી તા.૩૧/૩/૨૦૧૦ નારોજ થી ઈસ્યુ કરેલ જે અસલ સર્ટીફીકેટ બતાવવામાં આવે છે અનુ મારા હોદદા ની સીલ તથા મારી સહી છે જે અસલ સર્ટી રજુ દાખલ આંક : ૨૨૫ આપવામાં છે.

જયારે, **બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ સ્વીકારેલ છે કે,** બન્ને દર્દીઓ ટ્રાન્સફર થી આવેલા, બન્ને દર્દીઓ તા.૨૧/૦૩/૨૦૧૦ નારોજ આવેલા, નાનજીભાઈ ભગોરાને સામાન્ય પ્રકારની ઈજાઓ હતી, દેવિસિંહ કાવજીભાઈને **ઈજા.નં. ૨ સિવાય બાકીની ઈજાઓ સામાન્ય હતી, ઈજા. નં. ૨ વાળી દેવિસિંગને અથડાવવા થી કે પડી જવાથી થઈ શકે છે.**

(૧૪) **આ કામમાં ત.ક.અ. ચેતનકુમાર ચેહરાભાઈ ખટાણા ને આંક – ૨૩૪** થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે, સને ૨૦૧૦ અમો પો.સ.ઈ તરીકે ભિલોડા પો. સ્ટે. માં અમારી ફરજ ઉપર હાજર હતા અને તે દરમિયાન હિંમતનગર સિવિલ હોસ્પિટલમાંથી ટેલીફોન વર્ધી મળેલી જે આધારે અમો હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ગયેલા અને ત્યાં નાનજીભાઈ કાવાજી ભગોરાનાઓ સારવાર હેઠળ હોઈ તેઓએ

મારી રૂબરૂ ફરીયાદ હકીકત લખાવેલ કે, તેમના ભાઈ કાંતીભાઈ કાવાજી ભગોરાનાઓએ જમીનની અદાવત રાખી માથાના ભાગે કુહાડી મારી તથા મુકેશભાઈ કાંતીભાઈ ભગોરાનાઓએ દેવીસિંહને જમણા ખભાની હાંસળી ઉપર તલવાર મારી તથા ધુળજી લક્ષ્મણ ભગોરાનાઓએ પણ દેવીસિંહના જમણા હાથની ટચલી આંગળી પર કુહાડી મારી ઈજાઓ કરેલ અને નવીન ધુળજી ભગોરા અને અમૃત નાનજી ભગોરા લાકડીઓ લઈ આવી ગયેલા અને તેમની સાથે લક્ષ્મણ ભગોરા. મહેશ ભગોરા અને નાનજી ભગોરા, ખાતરાજી ભગોરા, લાલજી ભગોરા, નરસિંહભાઈ પારંગી, શાંતાબેન ભગોરા, લીલાબેન ભગોરાનાઓએ મદદગારી કરેલાની હકિકત મારી રૂબરૂ લખાવતા હોઈ તેમની ફરીયાદ હકિકત મારી રૂબરૂમાં લખી લીધેલી. મને આંક–૧૨૦ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં ફરીયાદી તરીકે નાનજીભાઈ કાવાજી ભગોરા તથા રૂબરૂમાં મારી સહિ છે. જે ફરીયાદ ભિલોડા પો.સ્ટે આવી ગુન્હો દાખલ કરવા રીપોર્ટ કરેલો. જે આધારે ભિલોડા પો. સ્ટે. ફ. ગુ. રજી. નં. ૨૨/૧૦ થી ઈ. પી. કો. કલમ ૩૨૩, ૩૨૪, ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુન્હો પી.એસ.ઓ.શ્રી બબલદાસ કુંવરજી નાઓએ દાખલ કરી આગળની તપાસ અમોને સોંપતા તપાસ અમોએ સંભાળેલી. જે ડેપ્યુટ હુકમમાં મારી તથા પી.એસ.ઓ.ની સહિ છે જે હું ઓળખુ છુ. જે ડેપ્યુટ હુકમ આંક:૨૩૫ થી રજુ રાખેલ છે. ત્યાર બાદ બનાવવાળી જગ્યા ધનસોર ગામે ચંદુભાઈ કાવાજી અસારીના ખેતરમાં બનેલ હોઈ બનાવવાળી જગ્યાએ જઈ બે પંચના માણસ બોલાવી પંચોની હજરીમાં વિગતવારનું પંચનામું અમોએ અમારી રૂબરૂ કરી લીધેલુ જે પંચનામું મને બતાવવામાં આવે છે તેમાં મારી તથા બંને પંચોની સદિઓ છે જે હું ઓળખું છું જે આંક: ૨૩૬ થી રજુ રાખેલ છે. સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના મારી રૂબરૂના લખી લીધેલા અને તા. ૧૮/૪/૧૦ના રોજ આરોપી મુકેશભાઈ કાન્તીલાલ ભગોરા ગુનાના કામે વાપરેલ તલવાર રજુ કરતા હોય તેમજ ધુળજીભાઈ લક્ષ્મણભાઈ ભગોરા ગુનાના કામે વાપરેલ કુહાડી રજુ કરતા હોય તેમજ નવીનભાઈ

ગલજીભાઈ ભગોરા નાઓએ હથિયાર લાકડી અમૃતભાઈ નાનજીભાઈ ભગોરા નાઓએ હથિયાર લાકડી રજુ કરેલી જે તપાસના કામે કબજે કરવાની હોય બે પંચના માણસો બોલાવી પંચોની હાજરીમાં પંચનામું તૈયાર કરી કબજે કરેલ. મને આંક: ૨૦૧ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચો તથા રૂબરૂમાં મારી સહી છે જે ઓળખું છું. ત્યાર બાદ તા. ૧૯/૪/૧૦ના રોજ આરોપી કાન્તીલાલ કાવાજી ભગોરા નાઓએ ગુનાના કામે વાપરેલ કુહાડી રજુ કરેલ જે તપાસના કામે કબજે કરવાની હોય બે પંચના માણસો બોલાવી પંચોની હાજરીમાં પંચનામું તૈયાર કરી કબજે કરેલ. મને આંક: ૧૯૩ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચો તથા રૂબરૂમાં મારી સહી છે જે ઓળખુ છું. ત્યાર બાદ તા. ૨૭/૪/૧૦ નારોજ આરોપી નાનજીભાઈ કાવાજી ભગોરા નાઓએ ગુનાના કામે વાપરેલ આખી બાયનો વાદળી કલરનો શર્ટ તથા વાદળી કલરનો પેન્ટ જે બનાવ સમયે ફરીયાદીએ પહેરેલ હોય અને ઈજા થવાના કારણે લોહી ખરડાઈ સુકાઈ ગયેલ હોય જે રજુ કરતા જે તપાસના કામે કબજે કરવાના હોય બે પંચના માણસો બોલાવી પંચોની હાજરીમાં પંચનામું તૈયાર કરી કબજે કરેલ. મને આંક: ૧૯૭ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચો તથા રૂબરૂમાં મારી સહી છે જે ઓળખુ છું. ત્યાર બાદ ગુનાના કામે આરોપીઓને અટક કરી ધોરણસરની કાર્યવાહી કરેલ. બનાવમાં ફરીયાદી નાનજીભાઈ કાવજીભાઈ ભગોરા તથા દેવસિંગ કાવજીભાઈ ભગોરા નાઓએ ઈજા થયેલ હોય પ્રથમ સારવાર ભિલોડા કોટેજ હોસ્પિટલમાં અને ત્યાર બાદ વધુ સારવાર હિંમતનગર કોટેજ હોસ્પિટલમાંથી મેળવેલ હોય સારવાર અંગેના સર્ટીફિકેટો તપાસના કામે મેળવેલા. ફરીયાદ સમયે ફરીયાદીએ નામ લખાવેલ તે પૈકી પાંડવ લીલા લાલજીભાઈ બનાવ સમયે તા.૨૧/૩/૧૦ નારોજ હાજર નહી હોવાનું અમારી તપાસ દરમીયાન ખુલેલ અને અમોએ તે બાબતની ખાતરી તપાસ કરવા માટે તે શ્રીમતિ, મણીબેન યુ. પટેલ સ્ત્રિ અધ્યાપન મંદિર ખાતે અભ્યાસ કરતી હોય તે બાબતનો દાખલો તપાસ દરમીયાન મેળવેલ જે અસલ દાખલો આંક : ૨૩૭ થી રજુ

રાખેલ છે. અમોએ કુલ ૧૧ આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતાં નામ. કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ.

(૧૫) જયારે, **બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ સ્વીકારેલ છે કે,** હું સિવિલમાં પહોંચ્યો ત્યારે કાન્તીભાઈ કાવજીભાઈ પણ ત્યાં દાખલ હતા, તેમને પણ હેડ ઈન્જરી થયેલ હતી, **મેં એવું જાણેલ કે, જમીનની અદાવતમાં આ ફરીયાદ થયેલ,** મારી રૂબરૂમાં **આંક : ૨૩૮ વાળા નિવેદનમાં નાનજીભાઈએ એવી હકીકત લખાવેલ કે, કાન્તીભાઈનો પક્ષ કરતા હોવાથી નામો આપેલ છે અને બીજા લક્ષ્મણભાઈ અમૃતભાઈ ભગોરા તથા લીલાબેન મુકેશભાઈ ભગોરા તથા લક્ષ્મણભાઈ ધનજીભાઈ ભગોરાને મેં જોયેલ ન હોવા છતાં પણ તેઓના ખોટા નામ લખાવેલ છે,** હું બનાવવાળી જગ્યએ એકવાર ગયેલો, બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાનો આવેલ છે, બનાવાળી જગ્યાએ અવર જવર માટે પગદંડી રસ્તો આવેલ છે, બનાવવાળી જગ્યાથી આ કામના ફરીયાદી અને સાહેદના મકાનો ઉપરના ભાગે આવેલ છે, બનાવવાળી જગ્યાથી કાન્તીભાઈ કાવાજીનું ઘર નજીકમાં આવેલ છે, બનાવવાળી જગ્યાથી ફરીયાદી અને સાહેદોના મકાન ૫૦૦ મીટર દૂર આવેલ છે, બનાવવાળી જગ્યાએ પંચો સાથે લઈને ગયેલા, બાનવવાળી જગ્યાનો સર્વે નંબર મને ખબર નથી, એ વાતની ખબરના હોવાનું જણાવેલ છે કે, **બનાવવાળી જગ્યાનો કાન્તીભાઈ કાવાજી ભગોરા નાઓએ સીવિલ સ્યુટ નંબર ૧૪૭/૨૦૦૨થી દાખલ કરેલ કે કેમ?, બનાવ વાળી જગ્યાએ ઘઉંનો ઢગલો હતો, આ ઘઉંનો ઢગલો કોનો હતો તે હું ચોકકસ કહી શકું નહીં, ચાર્જશીટ મેં દાખલ કરેલ, ચાર્જશીટમાં બનાવ તા. ૨૦/૩/૨૦૧૦ જણાવેલ છે.**

**સવાલ :** આ કામના ફરીયાદી નાનજીભાઈ, દેવુસીંગ, વિજયભાઈ, નવીનભાઈ, અમૃતભાઈ અને મહેશભાઈ અમૃતભાઈ નાઓએ

કાન્તીભાઈને માથામાં અને શરીરે ઈજોઓ કરેલ તેવું તમારી તપાસમાં ખુલેલ.

**જવાબ :** આ પૈકી **કાન્તીભાઈને દેવુસિંહ ધારીયું મારેલું તેવું મારી તપાસમાં ખુલેલું.** વધુમાં તેઓ સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યાએ ઘઉં કાપેલાના ઠુંઠા ઉપલબ્ધ હતા.

(૧૬) ઉપરોક્ત સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન ઈ.પી.કો કલમ – ૩૨૪ સંદર્ભમાં કરવામાં આવે તો, ફરીયાદી સાહેદોના સોગંદ પર રજુ પુરાવા ને ધ્યાને લેવામાં આવે તો અહી ઈજા બાબતે બન્ને તબીબો દ્વારા ઈ.પી.કો કલમ – ૩૨૪ મુજબની ઈજા ફરીયાદી સાહેદોને કરવામાં આવેલ છે કે કેમ તે અંગે રજુ થયેલ પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, આંક : ૨૧૯ અને આંક : ૨૨૩ ના તબીબના જણાવ્યા મુજબની ઈજા અંગે પુરાવા ને ધ્યાને લેવામાં આવે તો,

**કાંતિભાઈ કાવાજી ભગોરા**

| ડો. શ્રી આંક : ૨૧૯ | ડો. શ્રી, આંક : ૨૨૩ |
|---|---|
| ૧. એક ત્રાંસો કપાયેલ છુંદાયેલ ઘા જે **૫ સે.મી. × ૦.૫ સે. મી.** માસપેશી સુધીના **માથાના પાછળના ભાગે** ઓકસીપીટલ રીઝનમાં હતો. | ૧. **માથાના આગળના ભાગે એક ટાકા લચેલ ૪ સે.મી.** લાખો વા હતો.<br>૨. **છાતીના પાછળના ભાગે ૮.૨ સે.મી.નો** સોળ હતી. |
| ૨. **જમણા હાથે સોજો તથા દુ:ખાવો હતો** અને એક **તીક્ષણ કપાયેલ ભાગ ૦.૫ સે.મી. × ૦.૨ સે.મી.નો** હતો જેમાં એક ભાગ ટેઈલ એન્ડ લેટરલી | ૩. **ચેહરાના નીચલા હોઠ ઉપર ૨.૦૦ સે.મી. લાબો ટાંકા લીધેલ ઘા હતો.**<br>૪. **જમણી કોણી ઉપર ૦.૫ સે.મી. X ૦.સે.મી. છુદાયેલ ઘા હતો.** |

| | |
|---|---|
| હતો અને બ્લન્ટ એન્ગલ મીડયેલી હતો.<br>૩. **નીચેના હોઠની અંદરના બાજુ છુંદાયેલ ઘા** (લેસરેટેડ વુન્ડ) હતા. | |

**દેવીસિંગભાઈ કાવજીભાઈ ભગોરા**

| **ડો. શ્રી આંક : ૨૧૯** | **ડો. શ્રી, આંક : ૨૨૩** |
|---|---|
| ૧. **એક ધારદાર કપાયેલ ઘા જે ૨.૫ સે.મી x ૦.૫ સે.મી.** માસ પેશી સુધીનો જમણી બાજુ પાંસળી ઉપર હતો અને તેની સાથે **એક ઉઝરડો હતો જે ૬ સે. મી. લાંબો હતો.** આ તીક્ષ્ણ કપાયેલ ભાગ કલીન કટ હતો અને જેની માર્જીન વળી ગયેલ હતી.<br>૨. **જમણા હાથે સોજો હતો તથા દુઃખાવો હતો.**<br>૩. **જમણી કોણીમાં સોજો હતો તથા દુઃખાવો હતો.**<br>૪. **એક કપાયેલ છુંદાયેલ ઘા** જે **૧ સે.મી × ૦.૫ સે.મી નો ટચલી આંગળી અને રીંગ ફીંગરની વચ્ચે હતો.**<br>૫. **જમણા પગે એક ચકામો** | ૧. શરીરના જમણા કોલર હાડકાની અંદરની બાજુ **૨** સે.મી ટાંકા લીધેલ ઘા હતો.<br>૨. જમણા હાથ ઉપર દુખાવા સાથે સોજો આવેલો ઘા હતો.<br>૩. માં ડાબા હાથના કોણી અને ખભા વચ્ચે ૪×૩ સે.મી. ચકામો હતો. |

| | | |
|---|---|---|
| | **હતો જે ૫ સે.મી. × ૧ સે.મી. નો હતો.** | |
| **૬.** | **ડાબા હાથે ઘણા બધા ચકામા હતા.** | |
| **૭.** | **પીઠ ઉપર ઉઝરડો હતો.** | |
| **૮.** | **ડાબી બાજુ સાથળના ભાગે એક ચકામો હતો.** | |

(૧૭) ઉપરોક્ત વિગતે રેકર્ડ પર રજુ થયેલ સાહેદી અને સ્તાવેજી પુરાવા નું એક સાથે મુદા નં – ૧ અને ૨ ના નિર્ણય પર પહોચવા માટે એક સાથે સમગ્ર પુરાવા અને તકરારી હકીકતો નું મુલ્યાંકન કરતા પહેલા આરોપીઓ દ્વારા જે ગુનો આચરવાનો આક્ષેપ કરવામાં આવેલ છે, ફરીયાદ પક્ષ તરફે ઈજા પામનાર અને ફરીયાદી સાહેદો કે જે આ ગુન્હાના કામે મહત્વના સાહેદો હોઈ અને બનાવમાં અફેકટેડ પાર્ટી હોઈ તેઓનો સોગંદપરનો પુરાવો ફરીયાદ પક્ષે રેકર્ડ થયા બાદ આંક – ૨૪૭ તથા ૨૪૮ થી બન્ને સાહેદોએ આ કામના તમામ આરોપીઓ સાથે કોર્ટ બહાર સમાધાન કરેલ હતું. જે અંગે અંત્રેની કોર્ટમાં અરજી પર નિર્ણય લેતા પહેલા અત્રેની કોર્ટ દ્વારા અગત્યના ચુકાદાઓ સાથે કાયદાકીય જોગવાઈ પણ ધ્યાને લીધેલ હતા, જેમાં, **Section –** 320 (1)(2)(3)(8) **of Cr.P.C and IPC Section** 325 & 504 2005 **Cr.l.j** 2352 (**Kant**) **State of Karnataka V/s Cybrial. Hon'ble Court has Ruled that,** A Case may be compounded at any time before sentence is pronounced even whilst the Magistrate is writing the judgment. વધુમાં, **In the case of Santosh Kumar V/s State of M.P** 1986 (2) **Crimes** 445, The Hon'ble court has held that: The policy of law as contained in this section is to promote friendliness between the parties so that peace between

them is restored. વધુમાં, **In the case of Chiranjit lal V/s State of Up** 1982 (3) **SCC** 370 The Hon'ble court has held that, Where the complainant have compromised, received compensation and no rancor is now left in their heart, the court would grant permission to compound the offence. વધુમાં, **in the case of Phoolsing V/s State of Chhatisghar,** 2004 (2) **Crimes** 314 Where under Sec. 325 of IPC, parties had amicbly settled the dispute, had ben residing in the same village peacefully permission to compound was granted. વધુમાં, **In the case of Hindu singh Vis. State of Uttar pradesh,** 1982 (3) **SCC** 368. where the parties are closely related, the court would grant permission to compound offence under Sec. 325. **In the case of Khursheed V/s. State of U.P** (2007) 12 **SCC** 6, Where accused were charged under Sec. 325, 323, read with Sec 34, parties were neighbour, to consitute sweet relationship between the parties permission to compound offence was granted. વધુમાં, **In the case of Mohd. Rafi V/s. State of U.P AIR** 1998 **SCW** 2349. The Hon'ble court has held, that, Where the accused and the injured have settled the matter Voluntarily duly corroborated by the neighbour's affidavits, Permission to Compound the offence under Sec. 325 IPC was accourded. ઉપરોકત ચુકાદાઓ ઘ્યાને લઈ અત્રેની કોર્ટ દવારા ઉપરોકત ચુકાદોઓને લક્ષે લઇ બન્ને પક્ષકારોની અરજી પર નીચે મુજબની નિર્ણય લેવામાં આવેલ હતો – "હાથ પરના કામે, આરોપીઓ તેમજ ફરીયાદ પક્ષ તરફે સંયુકતમાં હાલની અરજી કોર્ટ સમક્ષ રજુ કરી દાદ માંગેલ છે કે, ફરીયાદી, ઈજા પામનાર અને આરોપીઓ વચ્ચે સમાજના આગેવાનો અને ઘરના માણ સોની

મધ્યસ્થીથી કોર્ટ બહાર ઇ.પી.કો. કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, સાથે કલમ – ૧૧૪ મુજબના ગુન્હાના કામે સુખદ સમાધાન થયેલ છે અને ભવિષ્યમાં બનાને પક્ષકારો વચ્ચે સુમેળ ભર્યા સબંધો બનેલ રહે અને કોઈ વાદ વિવાદ ઉપસ્થિત ન થાય અને કોઈ ઝઘડો તકરાર ન રહે તથા કાયમી શાંતિ જળવાય તે હેતુથી તથા ફરીયાદી, ઈજા પામનાર તથા આ કામના આરોપીઓ એક જ સમાજના અને નજીકના કુટુંબી સગા થતા હોઈ કોર્ટ બહાર સમાધાન થયેલ હોઈ ઇ.પી.કો.કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, સાથે કલમ – ૧૧૪ સી.આર.પી.સી. કલમ ૩૨૦, શીડ્યુલ – ૨ મુજબ કોર્ટ પરવાનગી થી સમાધાન લાયક હોઈ જેથી હાલની આંક – ૨૪૭ ની અરજી નામ.કોર્ટ પાસે ઉપરોકત કલમોમાં સમાધાન સ્વીકારી સમાધાન કરવા પરવાનગી આપવા અરજ કરેલ છે. સદર અરજી અનુસંધાને પ્રોસીકયુશન એડવોકેટ શ્રી. કે.એન.સીસોદીયા નાઓને સાંભળ્યા તથા અરજી પર તેઓનો શેરો વંચાણે લીધો રજુઆત સાંભળી. સદર કામે ફરીયાદી પક્ષે ઈજા પામનાર નાઓએ આંક – ૨૪૮ થી કોર્ટમાં પુરશીસ થી જાહેર કરેલ છે કે, તેઓને સમાધાન થઈ ગયેલ હોઈ અને તેઓને આરોપીઓ પાસે થી કોઈ વળતર લેવાનું રહેતુ નથી તે બદલની પુરશીસ તેઓએ થી નામ, કોર્ટમાં જાહેર કરેલ છે. સી.આર.પી.સી.કલમ – ૩૨૦ ની જોગવાઈ ધ્યાને રાખતા શીડ્યુલ – ૨. મુજબ ઇ.પી.કો.કલમ – ૩૨૫ કોર્ટ પરવાનગી થી સમાધાન લાયક છે. આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક – ૨૪૭ થી તમામ આરોપીઓ અને ફરીયાદી, સાહેદો અને ઈજા પામનાર વચ્ચે સુખદ સમાધાન થયેલ હોવાની પુરસીસ નામ. કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે તથા આંક – ૨૪૮ થી ઈજા પામનાર નાઓએ રાજીખુશીથી સમાધાન કરેલ હોવાનું જાહેર કરલે હોઈ તથા ફરીયાદીએ પણ સદરહું સમાધાન તેઓની મરજી થી અને રાજીખુશી થી કોઈ પણ દબાણ વગર કરેલ હોવાનું જાહેર કરેલ છે. આંક – ૨૪૭ તથા આંક – ૨૪૮ ના સમર્થનમાં કરેલ છે. જે બન્ને સમાધાન નામ. કોર્ટમાં વાંચી સંભળાવતા બન્ને પક્ષે નાઓ ઈજા પામનાર સાહેદ તથા ફરીયાદી સાચી અને ખરી

હોવાનું અને તેમની મરજીથી કરેલ હોવાનું અને તેમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ છે તથા આંક– ૨૪૭ અને આંક– ૨૪૮ માં પણ તમામ ફરીયાદી, સાહેદો ઈજા પામનાર અને આરોપીઓએ સદર પુરશીસ અને સમાધાન કરવાની અરજી પોતાની રાજીખુશીથી કરેલ હોવાનું અને તેમાં પોતાની સહી ઓળખી બતાવતા હોવાનું કોર્ટમાં જાહેર કરતા હોય આ તબકકે સી.આર.પી.સી.કલમ – ૩૨૦ ની જોગવાઈ ધ્યાને રાખતા તથા નામ. સર્વોચ્ચ અદાલતનો ચુકાદો, **The Hon'ble Supreme Court in the case of Kulwinder Singh and Ors. Vs State of Punjab and Anr.** 2007(3) **RCR (Cri)**, & **Madan Aichan abber vs State of Panjab** 2008(2)**RCR (Cri)** The Hon'ble Court has held that – (1) No useful purpose would be served in continuing with the proceedings in the light of the compromise there was no possibility of conviction. (2) It is advisable that in the disputes where question involved is of purely personal nature and no public policy in involved–coure should ordinarily accept the compromise. (3) Keeping the matter alive with no passibility of conviction is luxury which the courts, grossly overburdened as they are, cannot afford, આમ ઉપરોકત હકીકત ધ્યાને રાખતા હાલની ફરીયાદ અને ચાર્જશીટ પર્સનલ નેચર ની હોય અને તેમા કોઈ સરકાર વિરુધ્ધનો ગુન્હો બનતો હોય તેવું જણાઈ આવતું નથી. વધુમાં, **Chiranjitlal Vs. State of UR** (1982) 3 **SCC** 370(2) વાલા ચુકાદામાં એવું હેલ્ડ પ્રસ્થાપિત કરલે છે કે, (૩), Where the Complainants have compromised receive compensation and no rencor is now left in their heart, the Court would grant permission to compound the offence. વધુમાં, ઉપરોકત મુજબની કલમો સમાધાન પાત્ર હોય અને આરોપી અને ફરીયાદી એકબીજાના નજીક સગા હોય અત્રેની કોર્ટમાં આંક – ૨૪૭

અને આંક – ૨૪૮ ની પુરસીસમાં જણાવેલ ગુનામાં બનને પક્ષકારો વચ્ચે ભવિષ્યમાં સુમેલ બંધાય અને ભવિષ્યમાં કોઈ તકરારો ન રહે તે શુભ આશયથી સમાધાન સ્વીકારવા પાત્ર જણાય છે. વધુમાં બનને પક્ષકારો તરફે હાલનું સમાધાન મંહદ અંશે પુરાવો રેકર્ડ થઈ ગયા બાદ સમાધાન રેકર્ડ પર રજુ કરેલ હોય અને કોર્ટનો કિંમતી સમય વ્યય કરેલ હોઈ તે સંજોગોમાં ઇ.પી.કો. કલમ – ૩૨૩, ૩૨૫ અને ૫૦૪ તથા ૧૧૪ મુજબના ગુનાના કામે થયેલ સમાધાન ન્યાયના હીતમાં સ્વીકારવા પાત્ર જણાતી હોય અને ભવિષ્યમાં બન્ને પક્ષકારો વચ્ચે સુમેળ ભર્યા સબંધો સ્થાપીત થાય તે હેતુથી આંક – ૨૪૭ તથા આંક – ૨૪૮ તળે સંયુક્ત રીતે નીચે મુજબની ન્યાયના હિતમાં હુકમ ફરમાવવામાં આવે છે. ઉપરોકત મુજબની બન્ને પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ પર ની હકીકત થવાને રાખતા તથા ઉપરોકત બન્ને ચુકાદા ધ્યાને રાખતા સદર ક્રિમીનલ કેસોમાં ફરીયાદી અને સાહેદો અને ઈજા પામનાર સાહેદ તથા આરોપીઓ વચ્ચે થયેલ સમાધાન ની હકીકત ધ્યાને રાખતા પ્રાઈવેટ નેચરનો હોઈ અને સરકાર વિરુદ્ધનો મુળ ગુન્હો બનતો ન હોઈ તે સંજોગોમાં અત્રેની કોર્ટને સી.આર.પી.સી. કલમ ૩૨૦(૧)(૨)(૩)(૮) ની જોગવાઈ હેઠળ મળેલ વિવેકાધીન સતાઓને ધ્યાને રાખતા સમાધાન સ્વીકારવાનો હુકમ કરવામાં આવે છે. પ્રત્યેક આરોપી દીઠ રૂ.૧૦૦૦/– પેનલ્ટી (કોસ્ટ) પેટે જમા કરાવ્યે થી કુલ્ – ૧૦ X ૧૦૦૦ /– = ૧૦,૦૦૦/– (દશ હજાર પેનલ્ટી પેટે) કોર્ટમાં જમા કરાવેથી સમાધાન રેકર્ડ પર સ્વીકારવાનો હુકમ કરવામાં આવે છે અને સી.આર.પી.સી. કલમ – ૩૨૦(૧)(૨)(૩)(૮) ની જોગવાઈ ધ્યાને રાખતા આરોપીઓ પર બાકીની કલમો પુરતો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૧૮)** વધુમાં, સાહેદોને મરણ તોલ ઈજાઓ થયેલ હોઈ અને મહા વ્યથાની વ્યાખ્યામાં પડે તેવી કોઈ ઈજા જણાઈ આવેલ નથી, ઈ.પી.કો કલમ – ૩૨૪ મુજબની ઈજા પુરવાર થયેલ છે પરંતુ, પ્રથમ અનુસૂચિમાં ગુનો જામીનપાત્ર છે કે નહીં તે સ્થાપિત કરવા માટે ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ("Cr.PC") જોવી મહત્વપૂર્ણ છે, જેમાં ગુનાઓનું

વર્ગીકરણ કરવામાં આવ્યું છે. IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો મૂળ રૂપે જામીનપાત્ર દર્શાવવામાં આવ્યો હતો. વધુમાં, Cr.PC, ૧૯૭૩ ની કલમ ૩૨૦ ના પેટા–કલમ (૧) હેઠળનું કોષ્ટક અને પેટા–કલમ (૨) હેઠળનું કોષ્ટક, ઉપરોક્ત કોષ્ટકોના ત્રીજા સ્તંભમાં ઉલ્લેખિત વ્યક્તિ દ્વારા સમાધાન કરી શકાય તેવા ગુનાઓની યાદી આપે છે. IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો મૂળ રૂપે સમાધાનપાત્ર ગુનાઓના કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યો હતો. આમ, ૧૯૭૩ માં મૂળ રૂપે ઘડવામાં આવેલી સંહિતા હેઠળ, IPC ની કલમ ૩૨૪ હેઠળ શિક્ષાપાત્ર ગુનો જામીનપાત્ર અને સમાધાનપાત્ર તરીકે દર્શાવવામાં આવ્યો હતો.

(૧૯) **વધુમાં,** ફોજદારી કાર્યરીતિ સંહિતા (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ (અધિનિયમ નં. ૨૫, ૨૦૦૫) Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૨૮(a) એ IPC ની કલમ ૩૨૪ હેઠળના ગુનાને "બિન–સમાધાનપાત્ર" બનાવ્યો. વધુમાં, Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૪૨(f)(iii) એ IPC ની કલમ ૩૨૪ હેઠળના ગુનાને "બિનજામીનપાત્ર" બનાવ્યો. જોકે, Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ૨૩.૦૬.૨૦૦૫ ના રોજ ઘડવામાં આવ્યો અને પ્રકાશિત થયો હતો, તે ફક્ત કેન્દ્રીય સરકાર દ્વારા અધિકૃત ગેઝેટમાં સૂચના દ્વારા નિયુક્ત તારીખથી જ અમલમાં આવવાનો હતો.

(૨૦) **વધુમાં,** સંસદે Cr.PC (સુધારા) સુધારા અધિનિયમ, ૨૦૦૬ (૨જી જૂન, ૨૦૦૬ થી અમલમાં) પસાર કર્યો, જેણે Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ માં સુધારો કર્યો, જેના દ્વારા Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કલમની પેટા–કલમમાં "અને આ અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નિયુક્ત કરી શકાય છે" દાખલ કરવામાં આવી, જે હવે આ પ્રમાણે વાંચશે: "(૨) આ અધિનિયમમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, તે એવી તારીખે અમલમાં આવશે જે કેન્દ્રીય સરકાર, અધિકૃત ગેઝેટમાં સૂચના દ્વારા, નિયુક્ત કરે અને આ અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નિયુક્ત કરી શકાય

છે." Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૧ ની પેટા-કલમ (૨) દ્વારા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને, ગેઝેટ ઓફ ઈન્ડિયા સૂચના તા. ૨૧.૦૬.૨૦૦૬ મુજબ, કેન્દ્રીય સરકારે ૨૩ જૂન, ૨૦૦૬ ના રોજ Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઈઓ, કલમ ૨૮(a), ..., ૪૨(f)(iii), ... સિવાય, અમલમાં આવશે તેવી તારીખ નિયુક્ત કરી. પરિણામે, Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૨૮(a) અને ૪૨(f)(iii), જેણે IPC ની કલમ ૩૨૪ હેઠળના ગુનાને બિન-સમાધાનપાત્ર અને બિનજામીનપાત્ર બનાવવાનો પ્રયાસ કર્યો હતો, તે હજુ સુધી અમલમાં આવી નથી. તેથી, IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો, જે મૂળ રૂપે હતો તેમ, જામીનપાત્ર અને સમાધાનપાત્ર ચાલુ રહે છે. એ નોંધવું અગત્યનું છે કે લોકો ગેઝેટ ઓફ ઈન્ડિયા સૂચના તા. ૨૧.૦૬.૨૦૦૬ ને અવગણે છે, જેના દ્વારા Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કેટલીક જોગવાઈઓ જ ૨૩ જૂન, ૨૦૦૬ થી અમલમાં મૂકવામાં આવી હતી. આ ગેઝેટ સૂચનાની અજ્ઞાનતાને કારણે, કેટલાક સ્થળોએ, IPC ની કલમ ૩૨૪ હેઠળના ગુના માટે ધરપકડ કરાયેલા આરોપીઓને, તે હજુ પણ જામીનપાત્ર ગુનો હોવા છતાં, તાત્કાલિક અધિકાર તરીકે જામીન આપવામાં આવતા નથી. વધુમાં, કેટલીકવાર, પક્ષકારોને IPC ની કલમ ૩૨૪ હેઠળના ગુનાનું સમાધાન કરવાની પણ મંજૂરી આપવામાં આવતી નથી, ભલે હકીકતમાં ગુનો હજુ પણ સમાધાનપાત્ર હોય. એ પણ નોંધવું અગત્યનું છે કે માનનીય સર્વોચ્ચ અદાલત અને અનેક ઉચ્ચ અદાલતોએ તેમના ચુકાદાઓમાં ભૂલથી અવલોકન કર્યું છે કે Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ અમલમાં આવ્યા પછી, IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો બિન-સમાધાનપાત્ર બનાવવામાં આવ્યો છે. ઘણા ન્યાયિક અધિકારીઓ IPC ની કલમ ૩૨૪ હેઠળના ગુનાના સમાધાનની મંજૂરી આપતા નથી, જે દર્શાવે છે કે ગુનો હવે સમાધાનપાત્ર નથી. માનનીય સર્વોચ્ચ અદાલતે હિરાભાઈ ઝવેરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, AIR ૨૦૧૦ SC ૨૩૨૧, એમ.ડી. અબ્દુલ

સુફાન લશ્કર વિ. સ્ટેટ ઓફ આસામ, (ક્રિમિનલ અપીલ નં. ૧૩૪૩, ૨૦૦૮) તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૦૮ અને પ્રભાત ચંદ્ર મોહંતી વિ. સ્ટેટ ઓફ ઓડિશા, (ક્રિમિનલ અપીલ નં. ૧૨૫, ૨૦૨૧) તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૧ માં અજાણતાં અવલોકન કર્યું છે કે Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ૨૩ જૂન, ૨૦૦૬ થી અમલમાં આવ્યા પછી, IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો બિન-સમાધાનપાત્ર બનાવવામાં આવ્યો છે. માનનીય ગૌહાટી ઉચ્ચ અદાલતે પ્રભાત દાસ અને અન્ય વિ. સ્ટેટ ઓફ ત્રિપુરા અને અન્ય, ૨૦૧૩ Cr.L.J. ૧૭૧૨ માં અને માનનીય કેરળ ઉચ્ચ અદાલતે બિનીશ અને અન્ય વિ. સ્ટેટ ઓફ કેરળ અને અન્ય, ૨૦૧૨ Cr.L.J. ૪૧૨૮ માં અજાણતાં અવલોકન કર્યું છે કે IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો Cr.PC (સુધારા અધિનિયમ) ૨૦૦૫ જે ૩૧.૧૨.૨૦૦૯ થી અમલમાં આવ્યો હતો, તેના પછી બિન-સમાધાનપાત્ર બનાવવામાં આવ્યો હતો. વધુમાં, માનનીય પટના ઉચ્ચ અદાલતે પ્રભુ મહતો અને ઓર્સ વિ. સ્ટેટ ઓફ બિહાર, (ક્રિમિનલ અપીલ (SJ) નં. ૨૧૯, ૨૦૦૨) તા. ૧૩ એપ્રિલ, ૨૦૧૭ માં અજાણતાં અવલોકન કર્યું છે કે IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો Cr.PC (સુધારા અધિનિયમ) ૨૦૦૫ જે ૨૩.૦૬.૨૦૦૬ થી અમલમાં આવ્યો હતો, તેના પછી હવે સમાધાનપાત્ર નથી. ગેઝેટ ઓફ ઈન્ડિયા સૂચના તા. ૨૧.૦૬.૨૦૦૬ માનનીય સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતોની નજર બહાર રહી ગઈ હતી. માનનીય સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતોનું ધ્યાન ગેઝેટ ઓફ ઈન્ડિયા સૂચના તા. ૨૧.૦૬.૨૦૦૬ તરફ દોરવામાં આવ્યું ન હતું, જેના દ્વારા Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કલમ ૨૮(a) અને ૪૨(f)(iii), જેણે IPC ની કલમ ૩૨૪ ને અનુક્રમે બિન-સમાધાનપાત્ર અને બિનજામીનપાત્ર બનાવી હતી, તે હજુ સુધી અમલમાં આવી નથી. Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ (૨૫, ૨૦૦૫) ના અમલીકરણની તારીખ કેટલાક ચુકાદાઓમાં, Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ના

અમલીકરણની તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૦૯ તરીકે ઉલ્લેખિત કરવામાં આવી છે. એ નોંધવું રહ્યું કે ૩૧ ડિસેમ્બર, ૨૦૦૯ ના રોજ, Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૮ ની જોગવાઈઓ અમલમાં મૂકવામાં આવી હતી, નહિ કે Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની જોગવાઈઓ. માનનીય સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતોને એ હકીકતથી વાકેફ કરવામાં આવ્યા ન હતા કે ગેઝેટ સૂચના તા. ૨૧.૦૬.૨૦૦૬ દ્વારા, કેન્દ્રીય સરકારે ૨૩ જૂન, ૨૦૦૬ ના રોજ Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫ ની કેટલીક સિવાયની જોગવાઈઓ અમલમાં આવી તે તારીખ નિયુક્ત કરી હતી. તથ્યોનું વિશ્લેષણ કર્યા પછી, Cr.PC (સુધારા) અધિનિયમ, ૨૦૦૫, Cr.PC (સુધારા) સુધારા અધિનિયમ, ૨૦૦૬, ત્યારબાદ ગેઝેટ ઓફ ઈન્ડિયા સૂચના તા.૨૧ જૂન, ૨૦૦૬ અને ન્યાયિક નિર્ણયોને અનુસરીને, તે સ્પષ્ટ થશે કે, હાલમાં, IPC ની કલમ ૩૨૪ હેઠળનો ગુનો જામીનપાત્ર અને સમાધાનપાત્ર છે. અહી નોધવું જરૂરી છે કે, ઈ.પી.કો કલમ – ૩૨૪ મુજબની કલમ હાલની તારીખમાં પણ સમાધાન પાત્ર ગુનો હોવાનું ઘણા બધા ચુકાદાઓ માં પ્રસ્થાપિત થયેલ છે. જેથી, ઈ.પી.કો કલમ – ૩૨૪ માં સમાધાન સ્વીકારી ન્યાયના હિતમાં મુદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં. ૨ અન્વયે હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપીઓને **ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૧૧૪** ના કામે **સી.આર.પી.સી કલમ – ૩૨૦(૧)(૨)(૩)(૮)** ની જોગવાઈ સાથે **ઈ.પી.કો કલમ – ૫૦૬(૨) તથા ૧૧૪** અને **બી.પી.એકટની કલમ – ૧૩૫** હેઠળ **સી.આર.પી.સી કલમ – ૨૪૮(૧)** ને ઘ્યાને રાખતા ઉપરોક્ત સમગ્ર કલમોમાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ હાલના કામેની સંભવીત અપીલના કામે અપીલ કોર્ટ સમક્ષ હાજર થવા સારુ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા **કિ.પ્રો.કો.ક – ૪૩૭ (એ)** ની જોગવાઈ અનુસાર અમલમાં રહેશે.

(૩) અપીલ સમય બાદ મુદ્દામાલનો નિયમોનુસાર નિકાલ કરવો.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૨૭/૦૩/૨૦૨૬**
**મુકામ : ભીલોડા.**

**(આનંદ. એ.દવે.)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ, ભિલોડા.**
**UID CODE GJ**01442